# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૦



ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારા હિસાબે બીજી વસ્તુ જ નથી. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તે નથી—એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ-ધન-સ્ત્રી-પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું—એમ જોર આવવું જોઈએ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે, ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઈષ્ટ લાગે છે, કૂતરાને ઉલટી જ દહીં સમાન રુચિકર હોય છે, કાગડાને લીંબોળી દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિક વાર્તાઓ (ગપ્પા) જ શાસ્ત્રની જેમ રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે, તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. ૧૧૬૯.

*(શ્રી બનારસીદાસજી, બંધ દ્વાર, પદ-૨૧)*

* જો જીવ અપને માતા, પિતા, પુત્ર, કલત્ર ઈનકો છોડકર પરકે ઘર ઔર પુત્રાદિમેં મોહ કરતે હૈં અર્થાત્ અપના પરિવાર છોડકર શિષ્ય-શાખાઓમેં રાગ કરતે હૈં, વે ભુજાઓંસે સમુદ્રકો તૈરકે ગાયકે ખુરસે બને હુએ ગઢેકે જલમેં ડૂબતે હૈં. કૈસા હે સમુદ્ર? જિસમેં જલચરોંકા સમૂહ પ્રગટ હૈં, ઐસે અથાહ સમુદ્રકો તો બાહોંસે તિર જાતા હૈ, લેકિન ગાયકે ખુરકે જલમેં ડૂબતા હૈ, યહ બડા અચંભા હૈ. ઘરકા હી સંબંધ છોડ દિયા તો પરાયે પુત્રોંસે ક્યા રાગ કરના? નહીં કરના. ૧૧૭૦.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૯૧)*

* જીવના પરિણામનો કર્મની સાથે કારણ-કાર્યભાવ છે. કર્મ અને ચેતન (જીવાત્મા)માં આ કાર્ય-કારણભાવ કદી વિદ્યમાન નથી. ૧૧૭૧.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિકાર-૩, ગાથા-૧૦)*

* જેવી રીતે રત્નાકર એટલે સમુદ્રમાં અનેક રત્નો હોય છે, તેવી રીતે સર્વજ્ઞ વીતરાગ પ્રવચનરૂપ સમુદ્રમાં પરમાત્માના નામરૂપી અનેક રત્નોનાં સમૂહ ભરપૂર વિદ્યમાન છે. તેમાંથી સારી રીતે પરીક્ષા કરીને સર્વમાં ઉત્તમ અને અમૂલ્ય એવું આ શુદ્ધ ચિદ્રૂપ નામનું રત્ન મેં ગ્રહણ કર્યું છે. ૧૧૭૨.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી, અધિ.-૪, ગાથા-૯)*

* જગત વિષૈં દોય હી પદાર્થ હૈ, દૈવ અર પુરુષાર્થ. સો દૈવ હી પ્રબલ હૈ, જે પુરુષાર્થકા ગર્વ કરે હૈં તિનકું ધિક્કાર! જો પુરુષાર્થ હી પ્રબલ હોય તો મૈં વાસુદેવ ઉઘડી ખડગ સમાન તેજસ્વી મેરે પુત્રકું શત્રુ કૈસે લે જાય. ૧૧૭૩. (પ્રદ્યુમ્ન હરણના પ્રસંગે નિકળેલાં શ્રીકૃષ્ણના ઉદ્ગાર) *(શ્રી હરિવંશ પુરાણ, પાનું-૪૩૭)*

વર્ષ-૪
અંક-૧૧




સંવત
૨૦૬૬
July
A.D. 2010

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# આહારની લોલુપતામાં આત્માનું પતન થાય છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૫૨)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો બીજો અધિકાર છે. તેમાં ૧૧૧ ગાથાનો ૪થો પ્રક્ષેપક છે. તેનો ભાવાર્થ લેવાનો છે.

ભાવાર્થ :–જે કોઈ વીતરાગના માર્ગથી વિમુખ થયેલા યોગી રસસહિતના આહારથી ખુશ થાય છે....

વીતરાગમાર્ગ એટલે આત્માનો આનંદસ્વભાવ, અકષાયસ્વભાવ, વીતરાગસ્વભાવ છે તેને બતાવનારો વીતરાગમાર્ગ, તેની રુચિ છોડી દઈને એટલે વીતરાગસ્વરૂપ આત્માની રુચિ છોડી દઈને રસસહિત આહારથી ખુશ થાય છે તેને અંતરમાં આત્માના આનંદની પ્રસન્નતા નથી.

ભગવાન આત્મા અતીન્દ્રિય મધુર સ્વાદ રસમય છે તેને જ્ઞેય કરી, તેનો સ્વાદ લઈ, તેમાં લીનતા નહિ કરતાં તેનો વિરોધ કરે છે તે મુનિ વીતરાગમાર્ગથી વિમુખ થયા છે અને તેનું અધિકપણું સ્વાદિષ્ટ આહારની ગૃદ્ધિમાં ગયું છે. ભિક્ષા માટે જતાં કોઈના ઘરે છ રસયુક્ત મધુર આહાર મળે તો મનમાં હરખ કરે છે. અરે! પુદ્ગલના સ્કંધની મધુરતાનો હરખ કરે છે તેને અતીન્દ્રિય આનંદના કંદનો હર્ષભાવ છૂટી જાય છે.

સમયસારમાં ૯૭ ગાથામાં આત્માના ચૈતન્યરસને અન્ય સર્વરસથી વિલક્ષણ અત્યંત મધુર કહ્યો છે એવા આત્માના રસને ભૂલીને પુદ્ગલના સ્વાદિષ્ટ આહારના રસથી ખુશી

થાય અને આહાર આપવાવાળાની પ્રશંસા કરે કે અહા! તમે બહુ સારો આહાર આપ્યો, તમે બહુ ભક્તિવાળા છો....એમ કહે છે એવા મુનિને ક્યાં આત્માનો રસ અને ક્યાં પુદ્‌ગલનો રસ! એ બેનો વિવેક રહ્યો નથી. ભગવાનઆત્માના પરમાર્થ આનંદરસની એને ખબર જ નથી.

આવા મુનિને કોઈના ઘરે લૂખો ડાળ્યા, ચણા, મમરા જેવો નીરસ આહાર મળે તો મનમાં અણગમો થાય છે એટલે કે કષાય થાય છે તેને સારા-નરસા આહારની જ પ્રીતિ-અપ્રીતિ છે. ભગવાન આત્માની પ્રીતિ રહી નથી. તેથી નીરસ આહાર આપનાર ગૃહસ્થ ઉપર કષાય થાય છે કે આવા ઉનાળાના દિવસોમાં ઠંડા મુસંબીના રસ આદિનો આહાર આપવાના બદલે આવો લૂખો આહાર આપે છે!

અમારે સંપ્રદાયમાં ભિક્ષાની મર્યાદા એકદમ કડક હતી, એક દાણાના કણ ઉપર પગ આવી ગયો હોય તેના હાથની ભિક્ષા પણ ન લેતા....એવું ઘણાં વર્ષો પાલન કર્યું. તે દિવસે એકલાં પાણીથી કે છાશથી ચલાવી લઈએ, આહાર ન લઈએ, ઉપવાસ કરી લઈએ તો અમારા ગુરુભાઈને જરા કષાય થઈ જતો કે "ભિક્ષા આપનારા આટલું પણ ધ્યાન ન રાખે!"...અરે, એને લાભનું કારણ ગયું અને તમારે અંતરાય હશે તો એમ બને. એમાં બીજી મોટી વાત ક્યાં છે! આહાર ન મળ્યો તો શું થઈ ગયું! શાંતિ રાખો ને! સમાધાન કરો કે ખોરાકનો સંયોગ આવવાનો નહિ હોય તો ન આવ્યો એમાં સામાનો વાંક કાઢીને શું ફાયદો! શાંતિનો ખોરાક લ્યો ને!

૧૦-૧૫ વર્ષ આવી કડક ક્રિયા પાળી છે તેમાં આવા પ્રસંગ બની ગયેલાં. અમને ભિક્ષા આપતાં લાખોપતિની સ્ત્રીઓ પણ ધ્રુજે કે મહારાજને ક્યાંક દોષ આવી જશે તો અસુઝતું થઈ જશે. આહાર નહિ લે તો! કેમ કે પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ છે તેથી લોટામાં ભિનાશ હોય એવા વાસણથી અમે આહાર ન લેતા. સ્થાનકવાસી સંપ્રદાયનો રિવાજ હતો કે એક પાણીના ટીપાના જીવને પણ હણીને આહાર સાધુ ન લે.

અહીં કહે છે કે ભાઈ! તને યોગ્ય આહાર ન મળ્યો તો કષાય શાનો? અને ગૃહસ્થની બુરાઈ શા માટે? એ તો જે છે તે છે. તને જો આત્માના આનંદની પ્રીતિ હોય તો આહાર આવો કેમ નીરસ છે! એમ ન થાય અને જો થાય છે તો એ તપોધન નથી.

મુનિ-તપોધન તો એ છે કે જે અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતા હોય, દિવસમાં હજારોવાર જેમને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવતું હોય, સિદ્ધભગવાન જેવા અતીન્દ્રિય

આનંદના ઉભરા જેની પર્યાયમાં આવતા હોય, જેટલી અંતરમાં એકાગ્રતાની ભીંસ પડે એટલો આનંદ બહાર આવે! એવા આનંદને બદલે જો તને આહારના સ્વાદની પડી છે તો તું તપોધન જ નથી જા! એમ આચાર્યદેવ કહે છે.

આવા મુનિ તો ભોજનના લોલુપી છે, ગૃદ્ધપક્ષી સમાન છે એમ સમજવું. શ્વેતામ્બર શાસ્ત્રમાં પણ આ વાત આવે છે. તેઓ આમાંથી (દિગંબરમાંથી) નીકળ્યા છે એટલે થોડી થોડી વાત તો બધી લીધી હોય, મૂળ વસ્તુ આખી ભૂલી ગયા. અહીં કહે છે કે એવા યતિને દેહનો પ્રેમ છે, આત્માના આનંદનો પ્રેમ નથી. જ્ઞાન જ જેનું શરીર છે, આનંદ જ જેનું શરીર છે એવા ચૈતન્યની એને રુચિ અને દૃષ્ટિ નથી. બ્રહ્માનંદ સ્વરૂપ આત્માને એ જાણતો પણ નથી.

ગૃહસ્થોને તો દાન આદિ જ મોટો ધર્મ છે. અશુભથી બચવા માટે શુભને પરમધર્મ કહેવામાં આવ્યો છે. પ્રવચનસારમાં ચરણાનુયોગ ચૂલિકામાં પણ આવે છે કે મહામુનિને આંગણે આવેલા દેખીને ગૃહસ્થને ભક્તિથી પ્રેમ ઉછળે છે. એવા શુભભાવને વ્યવહારે પરમધર્મ કહેવામાં આવે છે. નિશ્ચયધર્મ તો નિર્વિકલ્પ દૃષ્ટિ-જ્ઞાન અને શાંતિ છે પણ વ્યવહારે આવા દાનાદિને ગૃહસ્થનો પરમધર્મ કહેવાય છે. સમકિતી શ્રાવકને અશુભથી છૂટીને આવો શુભભાવ આવે છે. તેથી તેને શ્રાવકનો ધર્મ કહેવાય છે.

મુનિ, અર્જિકા, શ્રાવક-શ્રાવિકા આ બધાને ગૃહસ્થો ભક્તિપૂર્વક નિર્દોષ આહાર આપે છે એ તેનો ધર્મ છે અને યતિનો ધર્મ એ છે કે મળેલા અન્ન-જળાદિમાં રાગ ન કરે અને માન-અપમાનમાં સમતાભાવ રાખે. આગળ આ પરમાત્મપ્રકાશમાં જ આ વાત આવી છે કે શ્રાવક ભક્તિપૂર્વક આ ચાર સંઘને આહાર આદિ આપે છે. દ્રવ્યસંગ્રહમાં પણ આ ચાર સંઘને ભેદાભેદરત્નત્રયના આરાધક કહ્યાં છે. નિશ્ચય-વ્યવહારરત્નત્રયના આરાધક ચાર સંઘને ચાર પ્રકારનું દાન ભક્તિપૂર્વક તે ન આપ્યું તો તેં શું કર્યું? આવું કથન ઘણી જગ્યાએ આવે છે. આમાં ૧૬૮ ગાથામાં પણ કહ્યું છે. અહીં તો એક નમૂનો કહ્યો. ભેદાભેદરત્નત્રય એટલે નિશ્ચય સહિત વ્યવહારરત્નત્રયના આરાધક મુનિઓ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા–આ ચારેય સંઘને અંતરમાં સ્વદ્રવ્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તથા વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આ બધું એક સાથે હોય છે. તેથી તેમને ભેદાભેદરત્નત્રયના આરાધક કહેવાય છે. તેને જ કોઈ જગ્યાએ બાહ્ય અને અભ્યંતર રત્નત્રય પણ કહ્યાં છે. કોઈ જગ્યાએ શુદ્ધ અને અશુદ્ધ તથા ક્યાંક નિશ્ચય-વ્યવહાર રત્નત્રય કહ્યાં છે. આમ, જુદી-જુદી શૈલીથી કથન થાય છે.

આમ, ભગવાને શ્રાવિકાને પણ નિશ્ચય-વ્યવહાર રત્નત્રયના આરાધક કહ્યા છે. મુનિને ચારિત્રની સ્થિરતા વિશેષ છે પણ શ્રાવક-શ્રાવિકાને પણ બે કષાયના અભાવપૂર્વકનું ચારિત્ર છે. એક તો અનંતાનુબંધી કષાયનો અભાવ થઈને સ્વરૂપાચરણ પ્રગટ્યું છે અને બીજાં અપ્રત્યાખ્યાન કષાયનો અભાવ થઈને શાંતિ પ્રગટી છે, આવું નિશ્ચયરત્નત્રય આઠ વર્ષની બાલિકાને પણ અંતરમાં થઈ શકે છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય પશુઓ પણ પંચમ ગુણસ્થાનમાં વર્તી રહ્યા છે. ત્યાં પશુની સંખ્યા જ એટલી મોટી છે કે અસંખ્ય મિથ્યાદૃષ્ટિ અને એક સમકિતી શ્રાવક હોય એવા અસંખ્ય શ્રાવક પશુની સંખ્યા છે. તેમાં કોઈ તો ત્રણજ્ઞાનના ધણી હોય છે, કોઈને જાતિસ્મરણજ્ઞાન હોય છે. દેડકા-દેડકી, વાઘ-વાઘણ વગેરેને પણ આવું ચારિત્ર આવી શકે છે. આત્મા છે ને! શરીર ભલે ગમે તેવું હોય પણ એ અંતરમાં નિશ્ચય-વ્યવહારરત્નત્રયને સેવે છે.

શ્રોતા :–પશુને પણ સુખ છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–પશુ કે મનુષ્યગતિમાં સુખ નથી, સુખ આત્મામાં છે. પશુ તો ચામડાનો આકાર છે. આત્મા ક્યાં પશુ છે!

સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર યોજન લાંબા માછલા થાય છે. ચાર હજાર ગાઉ જેટલાં લાંબા એ માછલાનું પૂછડું ફરે ત્યાં કેટલા જીવો મરી જતાં હશે! છતાં અંદરમાં વસ્તુની દૃષ્ટિ અને આશ્રય થઈ ગયો છે અને રમણતા પણ બે કષાયના અભાવ જેટલી વર્તે છે તો એ જીવ નિશ્ચય-વ્યવહારના આરાધક શ્રાવક છે. પણ એ જીવો તો અહીં જોવા ન મળે. અહીં તો આ જુઓ! ત્રિલોકમંડન હાથી! (સ્વાધ્યાયમંદિરની દિવાલમાં ચિત્ર છે) ભરતે જ્યારે દીક્ષા લીધી ત્યારે આ હાથીને જાતિસ્મરણ થાય છે કે અરે! હું તો આ ભરતનો મિત્ર હતો...પછી તેને વૈરાગ્ય થાય છે. પંદર-પંદર દિવસના ઉપવાસ કરે છે. ઉદાસ.....ઉદાસ....અંદરમાં બે કષાયનો નાશ થયો છે. આત્મા છે ને! પશુના શરીરમાં રહીને પણ પંચમગુણસ્થાન આવી શકે છે, મુનિપણું ન આવે.

શાસ્ત્રમાં એક લેખ આવે છે કે 'એક જ સમયમાં અસંખ્ય પશુ મરીને દેવગતિમાં ઊપજે છે.' ત્યારે પ્રશ્ન થયો હતો કે અસંખ્ય સમકિતી એક સમયમાં દેવમાં ઊપજે કે નહિ? તો કહ્યું કે હા, ઊપજે. તો સરખી સ્થિતિ લઈને ઊપજે કે નહિ? ના. સરખી સ્થતિ લઈને ન ઊપજે કારણ કે જો અસંખ્ય આરાધક જીવ સરખી સ્થિતિ લઈને દેવમાં ઊપજે તો સમકિતી દેવ મરીને મનુષ્ય સિવાય બીજી ગતિમાં તો જાય નહિ અને મનુષ્યની સંખ્યા તો સંખ્યાત છે. તો એ જીવો મરીને ક્યાં જાય? માટે સરખી સ્થિતિ લઈને આરાધકજીવો

એકસાથે અસંખ્યજીવો દેવમાં ન ઊપજે. ઓછી-અધિક સ્થિતિ લઈને જાય પણ સરખી સ્થિતિવાળા ન થાય. તિર્યંચોની સંખ્યા બહુ મોટી છે પણ મનુષ્ય તો ઓછા છે તેથી એક સાથે અસંખ્ય જીવો મનુષ્ય ન થઈ શકે.

અહીં કહે છે કે શ્રાવકનો એ ધર્મ છે કે મુનિ-અર્જિકા શ્રાવક-શ્રાવિકા આ ચારેય સંઘને ભક્તિપૂર્વક આહારદાન આપે અને યતિનો એ ધર્મ છે કે અન્ન-જળાદિમાં રાગ ન કરે, શાંતિ રાખે. મોહ-ક્ષોભ રહિત જ્યાં પરિણામ છે તે શાંતિનું શું કહેવું? બહારમાં માન-અપમાનનો સંયોગ બને તેથી આત્માને શું છે? પોતાના સ્વરૂપનું ભાન વર્તે છે તેને ભગવાન 'આરાધક જીવ' કહે છે તેનાથી વિશેષ માન કોનું લેવું છે! તેથી મુનિઓને માન-અપમાનમાં સમતાભાવ વર્તે છે.

આનંદઘનજી કહે છે કે લહી ભવ્યતા મોટું માન!.....સર્વજ્ઞના જ્ઞાનમાં છે કે આ જીવ આરાધક છે તો તેથી વિશેષ કોઈ માન નથી અને સર્વજ્ઞના જ્ઞાનમાં જો એમ છે કે આ જીવ મૂઢ વિરાધક છે તો એથી વિશેષ કોઈ અપમાન નથી. સમજાણું કાંઈ! આ જીવ સમકિતી છે, એકાવતારી છે...એમ આવ્યું તો બીજું શું જોઈએ? અને જો એમ આવ્યું કે આ જીવ અભવ્ય, નાલાયક છે તો એનાથી વિશેષ અપમાન શું હોઈ શકે!

મુનિએ ગૃહસ્થના ઘરેથી જેવો આહાર મળે તેવો લઈ લે છે તેમાં મુનિને હરખ-શોક કાંઈ નથી એમ સિદ્ધ કરવું છે. આહાર લેવાનો વિકલ્પ આવ્યો માટે ક્રિયા થઈ છે એમ સિદ્ધ કરવું નથી. નિર્દોષ આહાર લેવાની વૃત્તિ હોય છે અને ગ્રહણ પણ નિર્દોષ આહારનું કરે છે, તે ભલે માત્ર ચોખા હોય કે કાંઈપણ હોય. દૂધ, દહીં, મિષ્ટાન આદિની ઈચ્છા ન કરે. જિનમાર્ગમાં યતિની રીતિ આવી હોય છે. વીતરાગમાર્ગ મુનિની પર્યાયમાં રહે છે કાંઈ બહારન નથી રહેતો.

અહા ધન્ય અવતાર! મુનિ ચારિત્રવંત છે જેને ગણધરના નમસ્કાર પહોંચે છે. णमो लोए सव्व साहूणं । અંતરમુહૂર્તમાં ૧૨ અંગની રચના કરવાવાળા ચાર જ્ઞાનના ધણી ગણધરદેવ સર્વ સાધુને નમસ્કાર કરે છે તે પદ કેવું! સાધુ તો પંચપરમેષ્ઠીમાં ભળી ગયા છે. જિનમાર્ગ એક જ છે, બીજો કોઈ માર્ગ નથી. તેમાં યતિની આવી રીતિ હોય છે તે કહી. હવે આગળ ૧૧૨ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે શુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવમાં જે વિષયી જીવ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત છે તેનો વિનાશ થાય છે.

रूवि पयंगा सद्दि मय गय फासहि णासंति।
अलिउल गंधई मच्छ रसि किम अणुराउ करंति॥११२॥

અર્થ :–રૂપમાં લીન થયેલા પતંગિયા દીવામાં પડીને બળી જાય છે, શબ્દવિષયમાં લીન હરણ શિકારીના બાણોથી મરી જાય છે, હાથી સ્પર્શના વિષયને કારણે ખાડામાં પડીને બંધાઈ જાય છે, સુગંધની લોલુપતાથી ભમરા કાંટામાં કે કમળમાં દબાઈને પ્રાણ છોડી છે અને રસના લોભી માછલા માછીમારની જાળમાં પડીને માર્યા જાય છે. આમ એક એક વિષય-કષાયમાં આસક્ત જીવ નાશને પ્રાપ્ત થાય છે તો પાંચેય ઈન્દ્રિયના વિષયમાં લીન જીવનું તો કહેવું જ શું? આમ જાણી વિવેકી જીવો વિષયોમાં કદી પ્રીતિ કરતાં નથી.

આચાર્યદેવ દૃષ્ટાંત આપે છે કે દીવાનો સોના જેવો પ્રકાશ જોઈને રૂપના ગૃદ્ધિ પતંગિયા જીવો દેહનું દહન કરી નાંખે છે. હરણને રાગમાં બહુ મીઠાશ લાગે છે એટલે વીણાના તારના અવાજ સાંભળીને એમાં લીન થાય છે ત્યાં શિકારી બાણ મારી દે છે. અરે ભગવાન! શબ્દની ગૃદ્ધિમાં દેહના અભાવની સ્થિતિ બનશે એવી જવાબદારીની પણ તને ખબર નથી! ભગવાન આત્માના આનંદના ભાન વિનાના જીવોની આ દશા છે. સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં આવી રુચિ ન હોય. એ ૯૬૦૦૦ સ્ત્રીને ભોગવે પણ તેમાં મીઠાશ નથી માનતો, દુઃખ માને છે. આસક્તિ છે પણ રુચિ નથી. જ્યાં અતીન્દ્રય આનંદની રુચિ-પ્રીતિ જામી છે ત્યાં સમકિતી ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય છતાં અંતરના આનંદનો પ્રેમ એને છૂટતો નથી.

શ્રોતા :–આસક્તિ અને રુચિમાં શું ફેર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–રુચિ દૃષ્ટિના વિષય તરીકે વપરાય છે અને આસક્તિ અસ્થિરતામાં ગણાય છે. અસ્થિરતાવશ વિષયોની આસક્તિ થવા છતાં તેમાં મીઠાશ નથી માટે રુચિ નથી. અજ્ઞાનીને અસ્થિરતાની સાથે દૃષ્ટિ પણ વિષયોમાં છે તેથી તેને તો વિષયોની આસક્તિ સાથે રુચિ પણ તેમાં જ છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફ લક્ષ જતાં અજ્ઞાનીને તેમાં મીઠાશ આવે છે. તેથી અહીં અજ્ઞાનીજીવોના દૃષ્ટાંત આપીને મુનિને સંબોધે છે કે જો તને પણ રૂપ આદિ વિષયોને જોતાં રુચિપૂર્વક આસક્તિ આવે છે તો તને આ શું થયું છે?

ભગવાનઆત્માના આનંદની રુચિ થઈ છે તેને તો વિષયની રુચિ ઝેર જેવી લાગે છે, તેથી તો જ્ઞાનીના ભોગને નિર્જરાનો હેતુ કહ્યો છે. ત્યાં ભોગનો ભાવ તો અશુભ છે પણ અંદરમાં આત્માની રુચિ એ વખતે પણ ખસતી નથી. આનંદ...આનંદ... આનંદ એ સ્વાદ રાગમાં ક્યાંય ત્રણ કાળમાં નથી. એ અંતરની રુચિ એને રાગની રુચિ થવા દેતી નથી.

સુગંધના વિષયમાં લીન ભમરા સાંજના સમયમાં ફૂલની સુગંધ લેવા બેસે ત્યાં ફૂલ બીડાઈ જતાં અંદરમાં મરી જાય, ફૂલને કોતરીને નીકળી જાય એવી તાકાત છે પણ રસ એટલો છે કે નીકળતાં નથી ત્યાં હાથી આદિ પ્રાણી આવીને ફૂલ ખાઈ જાય તેમાં ભમરા પણ મરી જાય છે. જેને આત્માના આનંદનું ધ્યેય પ્રગટ્યું છે તેને વિષયનું ધ્યેય હોતું નથી. આસક્તિ આવી જાય તે જુદી વાત છે પણ તેનું એ ધ્યેય નથી.

'દ્રષ્ટિ' અને 'અસ્થિરતા'માં મોટો ફેર છે તેનો વિવેક કરવો લોકોને અઘરો છે.

માછીમાર જાળમાં લોટ નાંખીને જાળ ફેલાવે તેમાં રસના લોલુપી મચ્છ લોટ ખાવા જતાં ફસાઈ જાય છે. આમ, એક એક વિષયમાં લીન જીવોની આ દશા છે તો પાંચેય ઈન્દ્રિયના વિષયોમાં લીન જીવોનું કહેવુ જ શું? ઘડીકમાં આ વિષય તો બીજી ઘડીમાં બીજો વિષય. રૂપાળી સ્ત્રીને જુએ, સુગંધ સુંઘે, સ્વાદિષ્ટ ભોજન જમે, હારમોનિયમના ઝીણા તારના સૂર સાંભળે અને તેમાં જ એકાકાર થઈ જાય છે તો તારું શું થશે? ભગવાન આત્માને તો તેં પકડ્યો નથી. શાંત અકષાય સ્વભાવની રુચિ થાય તો આ વિષયોની ગૃદ્ધિ ન થાય. માટે, વિવેકી જીવો કદી વિષયોમાં પ્રીતિ કરતા નથી, રુચિ કરતાં નથી. મુનિને તો વિષયોની આસક્તિ પણ ન હોય.

ભાવાર્થ :–પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છા એ ખોટું ધ્યાન છે. તેનાથી રહિત નિર્દોષ પરમાત્માનું સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ જે નિર્વિકલ્પ સમાધિ છે તે પરમ આલ્હાદદાયક સુખરૂપ અમૃત છે, તેમાં પરવિષયો અને વિષયોની પ્રીતિનો અભાવ છે. રાગ વિનાની શાંતિ તેમાં ભરેલી છે. ભગવાનઆત્મા અહા! પૂર્ણ શાંતિથી ભરેલો છે. કળશમાં જેમ પૂરો મીઠો રસ ભર્યો હોય તેમ આ કળશ-આકારવાળા દેહની અંદર બિરાજમાન આત્મામાં શાંતિ અને આનંદરસની મીઠાશથી ભરેલું અમૃત ભર્યું છે. એ જ ખરું સુખામૃત છે. ૯૭ ગાથામાં સમયસારમાં લીધું છે કે અનાદિનિધન નિરંતર સ્વાદમાં આવતો અન્યરસથી વિલક્ષણ અત્યંત મધુર ચૈતન્યરસ તે જ જેનો એક રસ છે તે આત્મા છે. શેરડીમાં રસ અને કૂચો ભિન્ન છે તેમ આત્મામાં આનંદરસ અને પુણ્ય-પાપના કૂચા ભિન્ન છે.

અત્યંત મધુર પરમ આલ્હાદરૂપ સુખામૃત ચૈતન્યરસ જ આત્માનો રસ છે. કષાયનો રસ તો કષાયેલો બેસ્વાદ રસ છે તે આત્માથી ભિન્ન છે છતાં તેમની સાથે એકપણું માને છે તે અજ્ઞાન છે. આત્મામાં પૂર્ણ ભરેલા કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્યસમયસાર છે અથવા કાર્યજીવ અથવા કાર્યપરમાત્મા છે. તેનું કારણ કોણ છે? કે શુદ્ધોપયોગરૂપ કારણસમયસાર

એ કાર્યસમયસારનું કારણ છે. કેવળજ્ઞાન કેમ પ્રગટ થાય?–કે શુદ્ધોપયોગરૂપ કારણથી કેવળજ્ઞાન પ્રગટ થાય.

અહીં કાર્યસમયસાર–કેવળજ્ઞાન એ એક પર્યાય છે અને કારણસમયસાર–શુદ્ધોપયોગ એ પણ પર્યાય છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. દ્રવ્ય એક છે અને તેના ગુણો અનંત છે. જો ગુણ તે જ દ્રવ્ય હોય તો એક ગુણ તે દ્રવ્ય થઈ જાય, પણ એમ નથી. અનંત ગુણમય એક દ્રવ્ય ત્રિકાળ છે તેની શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ રમણતા એ શુદ્ધોપયોગરૂપી કારણપર્યાય–કારણસમયસાર અથવા નિશ્ચયમોક્ષમાર્ગ છે તે મોક્ષરૂપ કાર્યનું કારણ છે.

જુઓ! આમાં વ્યવહાર-મોક્ષમાર્ગની વાત જ લીધી નથી. આવી વાતો લોકોને મોટી લાગે. પણ ભાઈ! તું મોટો છો બાપુ! તારી મોટપની વાતો કેવળીની વાણીમાં પણ પૂરી આવી શકતી નથી.

કેવળજ્ઞાનરૂપ વ્યક્ત કાર્યસમયસારને ઉત્પન્ન કરવાવાળું કોણ છે? કે શુદ્ધોપયોગરૂપ કારણસમયસાર તેને ઉત્પન્ન કરે છે. શુભુપયોગના કારણથી તે ઉત્પન્ન ન થાય. કેવળજ્ઞાનનું કારણ મનુષ્યદેહ કે વજ્રનારાચસંહનન ન થાય. ભગવાન આત્માનું શુદ્ધોપયોગરૂપી આચરણ જ કેવળજ્ઞાનનું કારણ થાય.

પ્રશ્ન થાય કે આમાં એકલો નિશ્ચયમોક્ષમાર્ગ જ કારણરૂપ કહ્યો, વ્યવહાર–મોક્ષમાર્ગ ન લીધો. તો એકાંત ન થયું? સાંભળને ભાઈ! નિશ્ચય-મોક્ષમાર્ગ એ એક જ માર્ગ છે. વ્યવહાર સાથે હોય છે તે માત્ર જ્ઞાન કરવા યોગ્ય છે.

આવા ભગવાન આત્માની શુદ્ધ ચિદાનંદ આત્માની અને મોક્ષમાર્ગની ભાવનાથી રહિત સંસારીજીવ વિષયોના અનુરાગી–પાંચ ઈન્દ્રિયના લોલુપી ભવ ભવમાં નાશ પામે છે. જેને અતીન્દ્રિય આત્માના આનંદરસની એકાગ્રતા અને ભાવના નથી તે જ ઈન્દ્રિયવિષયના રસમાં એકાકાર થઈ જાય છે એવી વાત અહીં લીધી છે.

ભગવાન આત્માની અને શુદ્ધોપયોગની ભાવનાવાળો જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે જ્યારે તેનાથી રહિત અને પરની ભાવનાથી સહિત જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરતો નાશ થાય છે. તેનું પરિભ્રમણ મટતું નથી માટે અહીં પરિભ્રમણ મટવાનો ઉપાય બતાવે છે.

(ક્રમશઃ)

# સર્વ દુઃખોનું મૂળ કુબુદ્ધિ

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૫)

આ, શ્રી સમયસાર નાટકનો સર્વવિશુદ્ધ દ્વાર છે.

આ આત્મા શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન છે તે સર્વવિશુદ્ધ છે અર્થાત્ તેમાં કર્મ નથી, પુણ્ય-પાપના વિકલ્પ નથી અને બંધ-મોક્ષની પર્યાય પણ દ્રવ્યસ્વભાવમાં નથી. પર્યાયમાં રાગ છે, બંધ છે અને બંધના અભાવરૂપ સિદ્ધદશા પણ છે, પણ એ ત્રિકાળી વસ્તુમાં નથી. બંધ અને મોક્ષ તો દ્વૈત થઈ ગયું. દ્વૈતમાં સંસાર છે, અદ્વૈતમાં મોક્ષ છે. ત્રિકાળી સ્વભાવ એક છે, તેમાં બંધ અને મોક્ષ એવા બે ભેદ નથી.

'સમ્યગ્દર્શન' ધર્મની પ્રથમ સીઢી છે. તેનો વિષય એકરૂપ ધ્રુવસ્વભાવ છે, તે સર્વવિશુદ્ધભાવ છે. ૭૦મા પદ્યમાં કહ્યું કે ऐसी महिमा ग्यानकी..... પોતાના નિત્યાનંદ જ્ઞાનસ્વભાવની મહિમા અનંત અપરિમીત છે, પણ અનાદિથી અજ્ઞાનના કારણે મૂરખ મિથ્યાદૃષ્ટિ પોતાના આ અનંત મહિમાવંત નિધાનને જોતો નથી.

શ્રોતા :–દેખાતો નથી તેથી કેમ જુએ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આત્મા દેખાતો નથી એમ નિર્ણય કોણે કર્યો? નિર્ણય કરનાર જ પોતે દેખનારો છે. હું મને દેખાતો નથી એમ કોણે જાણ્યું? એ પોતે જ દેખનારો છે. પણ પોતાના સહજ શુદ્ધસ્વરૂપને જોતો નથી અને શરીર, વાણી, મન અને પુણ્ય-પાપને જોયા કરે છે. નિજસ્વભાવને શોધતો પણ નથી.

पर सुभावमैं मगन है, ठानै राग विरोध।
धरै परिग्रह धारना, करै न आतम सोध॥७१॥

અર્થ :–અજ્ઞાની જીવ પરદ્રવ્યોમાં મસ્ત રહે છે, રાગ-દ્વેષ કરે છે અને પરિગ્રહની ઈચ્છા કરે છે પરંતુ આત્મસ્વભાવની ખોજ કરતા નથી.

ખરેખર પોતાના જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ એવા પુણ્ય-પાપના રાગભાવ તો પુદ્ગલ છે. એક તરફ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે અને બીજી બાજુ રાગથી લઈને બધા અજ્ઞાનસ્વરૂપ છે. આ જ્ઞાનસ્વરૂપ તેમાં નથી.

અજ્ઞાની નવમી ગ્રૈવેઈક ગયો, ત્યાં પણ પુણ્ય-પાપના વિકલ્પમાં જ મગન રહ્યો છે અને રાગ-દ્વેષ જ કર્યા છે. પરપદાર્થ તો ખરેખર જ્ઞાતાના જ્ઞેય છે એમ સમજવાને બદલે અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ કર્યો છે અથવા પરમાં પ્રેમ અને પોતાના સ્વભાવ પ્રત્યે દ્વેષ કર્યો છે.

ભગવાનઆત્મા તો અનંત અનંત જ્ઞાન અને આનંદનો સમુદ્ર છે. તેમાંથી કેવળજ્ઞાન અને અતીન્દ્રિય અનંત આનંદ પ્રગટ થાય એવું નિધાન છે. તેને નહિ જાણીને, નિધાનને નહિ ઓળખીને, તેની કિંમત કર્યા વિના પુણ્ય-પાપના વિભાવરૂપ ઝેરના સ્વાદ લેવામાં અજ્ઞાની મગન છે. જેમ જેઠ મહિનાની ગરમીમાં બાળકને વધારે દૂધ પીવડાવાઈ ગયું હોય તો ઝાડા થઈ જાય તો તેમાં બાળક રમવા લાગે છે તેમ, અજ્ઞાની રાગમાં રમી રહ્યો છે. સ્વભાવના ભાન વગર પુણ્ય-પાપની અજીર્ણતા આવે છે તેને એ ચાટે છે.

દુનિયાના બધા નાટક અમે જોયા છે. બાળક ચૂસણીયા ચૂસે તેમ અજ્ઞાની રાગ-દ્વેષને ચૂસે છે અને તેમાં એને મજા પડે છે; પણ એ ઝેર છે તેને હું ચુંસી રહ્યો છું એ ખબર નથી. વિષ્ટા તો સાધારણ છે જ્યારે પુણ્ય-પાપની રુચિ તો ઝેર સમાન છે.

પુણ્ય-પાપના વિકલ્પ–રાગ એ પરસ્વભાવ છે. તેમાં મગ્ન થઈને અજ્ઞાની રાગ અને વિરોધ એટલે દ્વેષ કરે છે અને धरै परिग्रह धारना, करै न आतमसोध। અજ્ઞાનીને રાગ-દ્વેષની પક્કડ છે, એની રુચિ અને ભાવના છે માટે એ જ એનો પરિગ્રહ છે. ભગવાનઆત્માની તો એને ખબર નથી એટલે આત્માની ભાવના પણ નથી. આત્માની ખોજ પણ કરતો નથી કેમ કે રાગ અને શરીરમાં જ આત્મબુદ્ધિ છે તેથી શુભભાવ આદિ પરિગ્રહની જ ધારણા એટલે ઈચ્છા કરે છે.

હું 'આત્મા' એક વસ્તુ છું એવું ભાન નથી તેથી અજ્ઞાનીને આત્માની ભાવના કે એકાગ્રતા ક્યાંથી હોય! રાગમાં એકાગ્રતા છે અને રાગ વધે એવી ભાવના છે. મંદકષાય હો, પુણ્ય હો, તેની વૃદ્ધિ હો...એવી ભાવના છે. આમ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ જ અજ્ઞાનીનો સંસાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવોની વૃદ્ધિ કેમ થાય એવી તેને ભાવના હોય છે પણ શુદ્ધ આનંદકંદ આત્મા કોણ છે, તેમાં શું ખજાનો ભર્યો છે તે તરફ એની નજર પણ જતી નથી, ખોજ પણ કરતો નથી, ભાવના નામ એકાગ્રતા પણ આત્મા તરફ કરતો નથી.

હવે, બનારસીદાસજી કુબ્જા અને રાધિકાનું દૃષ્ટાંત આપીને કુમતિ અને સુમતિનું સ્પષ્ટીકરણ કરે છે. કંસની દાસી કાળી કુબડી કુબ્જા છે અને રાધિકા શ્રીકૃષ્ણની પટરાણી છે. અનાદિથી આત્માએ રાધિકા સમાન સુમતિનો પ્રેમ છોડીને કુબ્જા સમાન રાગની પ્રીતિ કરી છે. તે કહે છે.

मूरखके घर दुरमति भासी।
पंडित हिये सुमति परगासी।।
दुरमति कुबिजा करम कमावै।
सुमति राधिका राम रमावै।।७२।।

અર્થ :—મૂર્ખના હૃદયમાં કુમતિ ઉત્પન્ન થાય છે અને જ્ઞાનીઓના હૃદયમાં સુમતિનો પ્રકાશ રહે છે. દુર્બુદ્ધિ કુબ્જા સમાન છે, નવા કર્મોનો બંધ કરે છે અને સુબુદ્ધિ રાધિકા છે, આત્મરામમાં રમણ કરાવે છે.

પુણ્ય-પાપની રુચિ છે તે દુર્મતિ છે. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુનો પ્રેમ નથી ત્યાં પરનો અને વિકારનો જ પ્રેમ છે. પેલાં તો નાટકમાં પણ વૈરાગ્ય બતાવતાં હતાં. અમે નાનપણમાં 'સતી અનસૂયા', 'નરસિંહ મહેતા' વગેરેના નાટક જોયાં હતાં તેમાં વૈરાગ્ય બહુ હતો. પણ એ સ્વરૂપના ભાન વિનાનો વૈરાગ્ય હતો. ચિત્તોડના રાણા મીરાંબાઈને કહે છે કે ચાલ! હું તને પટરાણી બનાવું. ત્યારે મીરાંબાઈ કહે છે 'પરણી મારાં પીયુજીની સાથ, બીજાંના મીંઢોળ નહિ રે બાંધુ....' આવા નાટક જોતાં અમને તો વૈરાગ્યની ધૂન ચડી જતી હતી. મીરાંબાઈની જેમ અહીં આત્મારામનો પ્રેમી કહે છે કે મને મારાં આતમરામનો પ્રેમ લાગ્યો છે, બીજાં રાગાદિનો પ્રેમ મને કદી નહિ થાય.

मूरखके घर दुरमति भासी....અજ્ઞાનીના હૃદયમાં દુર્મતિનો વાસ છે. ભલે શુભરાગ હો, વ્યવહાર રત્નત્રય હો પણ તેનો પ્રેમ છે તે પણ દુર્મતિ છે. ધર્મીજીવના હૃદયમાં તો સુમતિ પ્રકાશે છે કે જે સુમતિ પોતાના સ્વભાવ સાથે પ્રેમ કરે છે. રાગનો પ્રેમ જેણે નાશ કરી દીધો છે તેનું નામ 'સુમતિ' છે. શાસ્ત્રનું ભણતર વિશેષ હો કે ન હો તેની સાથે સંબંધ નથી.

મૂર્ખ અજ્ઞાની ભગવાનઆત્માનો પ્રેમ છોડીને રાગના પ્રેમમાં લીન થઈ ગયાં છે. પોતાની પર્યાયને એણે રાગમાં જડી દીધી છે, એકાકાર કરી દીધી છે. पंडित हियें सुमति परगासी । સમ્યગ્દૃષ્ટિ થયાં તે પંડિત છે. સત્‌ચિદાનંદનું સ્વસંવેદન થયું ત્યાં સુમતિનો

પ્રકાશ થઈ ગયો, આત્મા પ્રત્યે પ્રેમ થયો ત્યાં આખી દુનિયા પ્રત્યે પ્રેમ ઊડી ગયો. ભરત ચક્રવર્તીને ૯૬ હજાર સ્ત્રીઓ હતી.

શ્રોતા :–બહુ પ્રેમ હતો સ્ત્રીઓ ઉપર?

પૂજ્ય ગુરુદેવશ્રી :–એ જ કહે છે કે અણુમાત્ર પ્રેમ ન હતો. રાગ આવતો હતો તે પણ કાળા નાગ જેવો ભાસતો હતો. જેમ રોગ ઉપદ્રવ લાગે છે તેમ જ્ઞાનીને રાગ આવે છે તે ઉપદ્રવ લાગે છે, કુષ્ટરોગ જેવો લાગે છે. પ્રેમ તો એક પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર જ લાગ્યો છે, તેનું નામ જ સુમતિ છે.

दुरमति कुबिजा करम कमावै । રાગને જ પોતાનું સ્વરૂપ માનીને વિભાવભાવમાં એકાકાર છે તે વ્યભિચાર છે. એ વ્યભિચારમાં તો એકલાં નવા કર્મોનો બંધ થાય છે. નિજપદમાં રમે તેને જ રામ કહીએ, બાકી તો બધા હરામ છે. સુમતિરૂપી સમ્યગ્જ્ઞાન જ નિજપદની ઉપાસના–સેવા કરે છે. રાગની રમત છોડીને જે આતમરામમાં રમે છે તે રાધિકા છે. આત્મઆનંદમાં રમનારી એ રાધિકાનું નામ સુમતિ છે.

कुबिजा कारी, कूबरी, करै जगतमें खेद।
अलख अराधै राधिका, जानै निज पर भेद॥७३॥

અર્થ :–કુબુદ્ધિ કાળી–કૂબડી કુબ્જા સમાન છે, સંસારમાં સંતાપ ઉપજાવે છે અને સુબુદ્ધિ રાધિકા સમાન છે, નિજાત્માની ઉપાસના કરાવે છે તથા સ્વ-પરનો ભેદ જાણે છે.

કુમતિ સંસારની આકુળતા ઉપજાવે છે. કુમતિ એટલે રાગના પ્રેમવાળી બુદ્ધિ સંસારના આતપાને ઉપજાવે છે. 'અલખ' એટલે જે વિકલ્પ વડે પણ જાણ્યો ન જાય એવો 'આત્મા' છે તેની રાધિકા ઉપાસના કરે છે અને સ્વ-પરની ભિન્નતાને જાણે છે. રાગાદિ વિભાવ પર છે અને નિજાનંદસ્વરૂપ તે હું એમ ભેદ કરે છે. એટલું જ નહિ, રાધિકા તો સ્વની સેવા કરે છે–ઉપાસના કરે છે અને કુમતિ 'હું પરની સેવા કરી શકું છું' એવો આતંક ઉપજાવે છે.

અરે! શરીર જ જ્યાં આત્માથી બહાર છે ત્યાં કોણ કોની સેવા કરે! 'અજ્ઞાની રાગની સેવા કરે અને જ્ઞાની આત્માની સેવા કરે' બસ! એટલી વાત છે.

બનારસીદાસ પહેલા વ્યભિચારી હતાં એટલે કુબ્જા કેવી હોય એ તેને ખ્યાલ છે એટલે અહીં કુમતિને કુબ્જાની ઉપમા આપીને સમજાવે છે. પછી તો બનારસીદાસજીને

જીવનમાં પલટો આવ્યો, આત્મજ્ઞાન થયું અને આત્માની સેવા કરવા લાગ્યાં. વ્યભિચારના પુસ્તકો લખ્યા હતાં તે બધાં ગોમતી નદીમાં ફેંકી દીધાં.

कुटिल कुरुप अंग लगी है पराये संग,
अपुनो प्रवान करि आपुही बिकाई है।
गहै गति अंधकीसी सकति कबंधकीसी,
बंधकौ बढाउ करै धंधहीमैं धाई है।
शंडकीसी रीत लिये मांडकीसी मतवारी,
सांड ज्यौं सुछंद डोलै भांडकीसी जाई है।
घरको न जानै भेद करै पराधीन खेद,
यातैं दुरबुद्धि दासी कुबजा कहाई है॥७४॥

અર્થ :–કુબુદ્ધિ માયાનો ઉદય રહેતા થાય છે, તેથી તે કુટિલા છે. કુબુદ્ધિ ક્રોધ, માન, માયા, લોભ, વિકાર, વાસના આદિમાં લપટાઈ ગઈ હોય છે તેથી કુટિલા–માયાચારી છે. બોલે બીજું અને કરે બીજું, દુનિયાને બતાવે બીજું અને માને બીજું એવી કુટીલ કુબુદ્ધિ એક તો પોતે કુરુપ છે અને પરાયા પુરુષના સંગમાં પડી છે. નીચે નોટમાં છે કે વ્યભિચારીણી સ્ત્રીઓ પોતાના મોઢે પોતાના શરીરનું મૂલ્ય કરે છે અર્થાત્ પોતાનું અમૂલ્ય શીલ વેંચી દે છે, વ્યભિચાર સેવે છે. એ વાત ધ્યાનમાં રાખીને કવિએ કહ્યું છે કે 'અપુનો પ્રવાંન કરી આપુહી બિકાઈ હૈ.' પોતાના શરીરની કિંમત લઈને બ્રહ્મચર્યને વેંચી દે છે. રાગની કિંમત કરીને વ્યભિચારી બ્રહ્મચર્યની કિંમત છોડી દે છે. રાગમાં અશુભની સાથે શુભ પણ આવી જાય. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાના ભાવ રાગ છે, તેનો પ્રેમ કરવો એ વ્યભિચાર છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો પ્રેમ એ પણ વ્યભિચાર છે. સમયસાર ૨૦૩ ગાથામાં પણ રાગને વ્યભિચારીભાવ કહ્યો છે. તે જુઓ! 'ખરેખર આ ભગવાનઆત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે જે અતત્સ્વભાવે અનુભવાતા, અનિયત અવસ્થાવાળા, અનેક ક્ષણિક વ્યભિચારીભાવો છે. તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન નહિ હોવાથી અપદ્‌ભુત છે.' અહા! પોતાના સ્વભાવ સાથે શુભરાગને પણ સ્વભાવ માનવો એ મોટો વ્યભિચાર છે. તેમાં આત્માની શોભા નથી.

ભાઈ! તું ભગવાન છે પ્રભુ! તારામાં વિકલ્પ શોભતા નથી. વિકલ્પથી શોભા માને તે વ્યભિચારી જીવ છે. દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામને પોતાનું સ્વરૂપ માને છે

તે વ્યભિચાર સેવે છે–એમ આચાર્યદેવ કહે છે. આ વાત હવે ગામોગામ ફેલાઈ ગઈ છે તો કોઈ લોકો નિંદા પણ કરે છે કે આ લોકો 'શુભરાગને વિષ્ટા કહે છે' અરે! વિષ્ટા તો ભૂંડ પણ ખાય પણ આ તો ઝેર છે. પુણ્યને પોતાના માનીશ તો મરી જઈશ. સમ્યક્ત્વરૂપ જીવનનો તેનાથી નાશ થાય છે.

અહીં તો (સત્યવાત જાહેર કરવાના) રણે ચડેલા રજપૂત છૂપે નહીં એવી વાત છે. ટેં...ટેં.... કરવાની વાત નથી. ગુપ્ત રાખવાની વાત નથી. મારગ આમ છે એ ખુલ્લી વાત છે.

અતીન્દ્રિય આનંદના ધામ એવા ભગવાનઆત્માનો પ્રેમ છોડી, રાગમાં મજા માને છે તે મિથ્યાત્વરૂપ વ્યભિચાર કરે છે. નિજસ્વભાવથી વિપરીત એવા વિભાવને સ્વભાવ માનીને એકત્ર કરે છે તે મૈથુન છે. દિગંબર સંતોની વાતો લોકોને સાંભળવી પણ કઠણ છે. નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિઓ બાદશાહની પણ પરવાહ કરતાં નથી.

અમિતગતિ આચાર્યે લખેલ યોગસાર પ્રાભૃતના પાંચમા અધ્યાયની ૧૯મી ગાથામાં કહ્યું છે કે 'જ્ઞાન-દર્શન-ચારિત્રનું ઈન્દ્રિયોના વિષયોથી હરણ થતું નથી તેમ ગુરુઓની સેવાથી તેની ઉત્પત્તિ પણ થતી નથી. આ જીવના પરિણમવાથી પ્રતિસમય તેના ગુણોની પર્યાય પલટે છે. મતિજ્ઞાનાદિ ઉત્પત્તિ અને વિનાશ થયા કરે છે. માટે મતિજ્ઞાનાદિ ઉત્પાદ-વિનાશ સ્વયં જીવદ્રવ્ય પણ કરી શકતો નથી. પરિણમન થાય છે તેને ધ્રુવ જીવ શું કરે! અહાહા! આત્મા નિર્મળ પર્યાયનો દાતા નથી અને પરથી પણ તેની કદાપિ ઉત્પત્તિ નથી. આ તો આખા સ્વતંત્ર સત્‌નો ઢંઢેરો છે. આત્મા પરિણામશાળી છે તેથી તેના ગુણોનું સ્વયં પરિણમન થયા કરે છે. એવું નથી કે ગુણો નથી ને પર્યાય થઈ જાય....ગુણની પરિણતી, પરિણતીથી ઉત્પન્ન થાય છે. 'પરિણતી' ધર્મ કોઈ પરથી નથી, આત્માથી નથી. ઉત્પાદને વ્યયનો કે ધ્રુવનો આશ્રય નથી. પ્રવચનસાર ૧૦૧ ગાથામાં આવે છે કે ઉત્પાદ છે તે ધ્રુવઅંશના અવલંબને નથી, ઉત્પાદ પોતાથી છે.

વાસ્તવિક તત્ત્વની ખબર વિના બહારથી ધર્મ થતો નથી. ધર્મ કરવાવાળો પોતે કેવો છે અને તેની પર્યાયમાં કામ કેવી રીતે થાય છે તેની ખબર વગર ધર્મ થઈ જતો નથી. એકવાર 'સોનગઢ વ્યારા' ગયા હતાં. ત્યાં લખ્યું હતું કે કલ્યાણ કરવાવાળો આત્મા અને કલ્યાણ શું છે તે જાણ્યા વિના કદી કલ્યાણ થતું નથી.

અહીં કહે છે કે અમૂલ્ય ચૈતન્ય હીરાની કિંમત વિના વ્યભિચારની કિંમત કરીને

પૈસા માટે શીલને વેચી દે તે પાગલ છે. તેમ રાગમાં ધર્મ માને છે તે પણ પાગલ છે. ‘રાગ’ના ત્રણ ભેદ છે. શુભરાગના ત્રણભેદ આ પ્રમાણે છે :

(૧) ક્રિયારૂપ રાગ–દયા-દાન-વ્રત-પૂજારૂપી રાગ.

(૨) ભક્તિરૂપ રાગ–ભગવાનની ભક્તિરૂપ રાગ.

(૩) ગુણ-ગુણીના ભેદરૂપ રાગ–ગુણ અને તેના આધારભૂત ગુણી એવો ભેદ કરવો તે પણ રાગ છે.

‘આ રાગ મારો છે અને મને તેનાથી લાભ છે’ એમ માનવું તે ભૂલ છે. ધર્મ થતાં પહેલાં શુભરાગ હોય છે પણ એ શુભરાગથી ધર્મ થતો નથી. જો ધર્મ થયાં પહેલાં શુભરાગ હતો માટે ધર્મ થયો એમ કહીએ તો શુભભાવની પહેલાં અશુભરાગ હતો, તો અશુભરાગથી શુભરાગ થયો?–એમ તો નથી! એ ન્યાય મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધો છે.

અરે! કુમતિને તો રાગનો જ રસ પડ્યો છે. કુમતિ આંધળાની પેઠે કામ કરે છે. गहै गति अंधकीसी, सकति कबंधकीसी રાગમાં અંધ થયેલા જીવને સત્ય-અસત્યનું ભાન હોતું નથી. અનંત આનંદમય નાથ એ મારો પતિ છે એવું ભાન નથી અને રાગને પોતાનો નાથ માનીને કુબુદ્ધિ તેને સેવે છે. રાગની ક્રિયાને ધર્મ માનીને સેવે છે તે કુબુદ્ધિ છે.

કુબુદ્ધિ પરપદાર્થોમાં અહંબુદ્ધિ કરવામાં સમર્થ છે. કુબુદ્ધિ માથા વિનાના દેહવાળા કબંધ જેવી શક્તિ ધરાવે છે. આનંદકંદ નાથ વિનાની પરિણતીમાં ધર્મ મનાવે છે.

कुमति बंधको बढाउ करे....રાગ અને પુણ્યની પરિણતિ અમારી છે, તેનાથી જ અમને લાભ થશે એમ કુબુદ્ધિ માને છે, તેથી તેમાં વૃદ્ધિ થાય એવું કરે છે. કર્મબંધન વધારે છે. કુમતિ અને કુબ્જા બંનેની પ્રવૃત્તિ ઉપદ્રવ તરફ રહે છે. રાગ અને દ્વેષ ઉપદ્રવ છે. કુમતિની વૃત્તિ તેમાં જ અટકેલી છે. બંનેની રીત રાંડ જેવી છે. માથે ધણી વિનાની છે. આત્મારૂપ સ્વામીને જાણતી જ નથી, જાણવા માગતી નથી, તેથી રાંડ જેવી છે. मांडकीसी मतवारी–માંડ એટલે શરાબ પીધેલા જેવી મત્ત થયેલી છે, પાગલ છે. રાગને પોતાનો માનવાવાળાએ મિથ્યાત્વનો દારૂ પીધો છે.

કુમતિ સાંઢની જેમ સ્વચ્છંદે ડોલે છે. રતલામ ગયા હતાં ત્યાં પ્રવચન ચાલુ થાય ને સાંઢ આવે. બજારમાં દુકાનમાં ગાદી ઉપર બેસી જાય. ચા પીવે પછી ઉઠે એવું કરતો

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો**

# આત્મવૈભવ

## દશિ શક્તિ

આચાર્યદેવે જેને જ્ઞાનમાત્ર કહીને ઓળખાવ્યો છે એવા આ આત્મામાં અનંત શક્તિઓ એકસાથે પરિણમી રહી છે તેથી તેને અનેકાંતપણું છે. જ્ઞાનમાત્રભાવમાં જે અનંત શક્તિઓ છે તેમાંથી આચાર્યદેવે અહીં ૪૭ શક્તિનું અલૌકિક વર્ણન કર્યું છે. તેમાં જીવત્વ અને ચિતિશક્તિનું વર્ણન કર્યું; હવે ત્રીજી દશિશક્તિ છે. અહીં ભાષાથી વર્ણવવામાં ક્રમ પડે છે પણ કાંઈ ગુણોમાં કે તેમના પરિણમનમાં ક્રમ નથી; અનંત ગુણો બધા એકસાથે રહેલા છે ને બધાનું પરિણમન એકસાથે જ છે. એક શક્તિ પહેલાં પરિણમે ને બીજી શક્તિ પછી પરિણમે એવો ક્રમ નથી. શક્તિઓમાં ક્રમ ન હોય, પર્યાયોમાં ક્રમ હોય; શક્તિ સહભાવી છે, પર્યાયો ક્રમભાવી છે.–આવી અનેકાંતમય વસ્તુ છે.

વસ્તુમાં જે ધર્મો છે તે જ અનેકાંતવાદ બતાવે છે, કાંઈ નવી કલ્પના કરીને કહેતો નથી. કેવળજ્ઞાનથી ભગવાને જેવું વસ્તુસ્વરૂપ જાણ્યું તેવું જ કહ્યું, પણ ભગવાને કાંઈ વસ્તુસ્વરૂપને બનાવ્યું નથી; વસ્તુ તો સ્વયંસિદ્ધ સત્ છે, તે સત્ જેમ છે તેમ જાણીને જિનવાણીએ અને વીતરાગી સંતોએ પ્રસિદ્ધ કર્યું છે. પોતાના આત્મામાં જે શક્તિ હતી તે ખોલીને પર્યાયમાં પ્રસિદ્ધ કરી, ને વાણી વડે જગતને તે બતાવી. સ્વસન્મુખ થતા સાધકને એકસાથે અનંતગુણોમાં નિર્મળ પરિણમન શરૂ થાય છે; આથી શ્રીમદ્ રાજચંદ્રજીએ 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' કહ્યું છે.

ત્રીજી દશિશક્તિ છે; તે અનાકાર ઉપયોગરૂપ છે; દર્શનક્રિયારૂપ આ શક્તિનું પૂર્ણ કાર્ય સર્વદર્શિત્વ છે, તેનું વર્ણન આગળ નવમી શક્તિમાં કરશે. એકલા પરલક્ષે કામ કરે તે દર્શન નહિ પણ સ્વલક્ષે આત્માને પકડવાનું જે દર્શન થાય તે જ ખરો દર્શન-ઉપયોગ છે.

ઉપયોગ કોનો? આત્મદ્રવ્યનો; તેનામાં સમસ્ત સત્તાને દેખવાની તાકાત છે. આવો આત્મા સમજીને પામવા જેવું છે; બાકી તો સંસારમાં બધું અસાર છે. ભાઈ, તારી પ્રભુતા

જુદી જાતની છે; તને તારા સ્વરૂપની ખબર વગર ધર્મ કેમ થાય? માટે તારી શક્તિના વર્ણન વડે તારું સ્વરૂપ ઓળખાવીએ છીએ.

જે શક્તિવાનની આ શક્તિઓ છે તે શક્તિવાન ઉપર દૃષ્ટિ કરતાં શક્તિ પોતે કારણ થઈને નિર્મળ કાર્યરૂપ પરિણમે છે એટલે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન વગેરે પ્રગટે છે. આમાં કારણ-કાર્ય એક સમયમાં ભેગા છે. આવું શક્તિનું નિર્મળ કાર્ય પ્રગટ કરે ત્યારે શક્તિવાળા આત્માને ખરેખર જાણ્યો કહેવાય; નહિતર તો શક્તિને જાણવાનું ફળ શું? શક્તિવાન એવા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જ તેની શક્તિનું ખરું જ્ઞાન થાય છે ને તેનું નિર્મળ કાર્ય પ્રગટે છે. ગુણ ગુણીનો છે; ગુણીને જાણ્યા વગર તેનો ગુણ ક્યાંથી જણાય? ભાષા અને વિકલ્પના પ્રવાહથી જુદો જે ચૈતન્યપ્રવાહ ચાલી રહ્યો છે તે જ જીવનું ખરું પરિણમન છે. આને બદલે ભાષાને તથા વિકારને, એટલે અજીવને તથા આસ્રવને જે પોતાનું પરિણમન માને છે તે સાચા જીવતત્ત્વને જાણતો નથી. જેમ પાણીના પૂરના કાંઠે ઊભેલો ગાંડો માણસ આ મારું પાણી ચાલ્યું જાય છે એમ માને છે, તેમ જગતના પદાર્થોમાં પરિણમનનું પૂર ચાલ્યું જાય છે ત્યાં મૂઢ જીવ તેને પોતાનું માને છે. પણ ભાઈ, જગતના પ્રવાહથી જુદું તારું ચૈતન્યપૂર તારા અંતરમાં ચાલી રહ્યું છે તેને તો દેખ.

જીવ જ્યાં પોતાના સ્વભાવને જાણે ત્યાં તો અંદરથી કેવળજ્ઞાનના ભણકાર વાગે કે હવે મારા આ સ્વભાવમાંથી થોડા કાળમાં હું કેવળજ્ઞાન લઈશ. ભગવાનની દિવ્યવાણી આવા સ્વભાવને પ્રસિદ્ધ કરે છે. ભગવાનને કાંઈ ઈચ્છા કે વિકલ્પ નથી, તેમજ ભાષાના તે કર્તા નથી પણ ભવ્ય જીવોના ભાગ્યોદયથી તેવી વાણી સહજ પ્રગટે છે, ને અરિહંતદેવમાં પણ હજી તે પ્રકારના વચનયોગની યોગ્યતા છે. તે વાણી અનંતગુણસંપન્ન આત્માને પ્રસિદ્ધ કરે છે, તેનું આ વર્ણન છે. અહીં ગુણભેદથી કથન છે પણ કાંઈ ગુણભેદ નથી બતાવવા, અનંતગુણસ્વરૂપ આખો આત્મા બતાવવો છે.

સ્વસત્તા સહિત મહાસત્તાને દેખનારી દૃશિશક્તિ છે; આ શક્તિ પોતાના વિષયને સામાન્યપણે એટલે કે અનાકારપણે ગ્રહણ કરે છે. પણ જે દર્શન આત્માને મૂકીને બીજા બધાની સત્તાને દેખે તેને દર્શનશક્તિનું ખરું કાર્ય કહેતા નથી. આત્મા સહિત સર્વ પદાર્થોની સત્તાને જે દેખે તે જ દર્શનશક્તિનું ખરું કાર્ય છે. દ્રવ્ય-ગુણમાં રહેલી દર્શનશક્તિ પર્યાયમાં ખરેખર ક્યારે પરિણમે? કે જ્યારે અખંડ ઉપયોગથી સ્વને પકડે ત્યારે. એકલા પરને જાણતાં પહેલાં અજ્ઞાનીને તેનું જે સામાન્યદર્શન છે તે તો 'પર સમય'

તેને ખરેખર જીવનો ઉપયોગ કહેતા નથી. શક્તિની સાથે એકતા કરીને પરિણમે તે પરિણામને જ શક્તિનું કાર્ય કહેવાય; રાગ સાથે એકતા કરીને પરિણમે તેને શક્તિનું કાર્ય કહેવાય નહિ.

વાહ, જુઓ! સ્વાશ્રિત પરિણતિરૂપ નિશ્ચયમાં પરાશ્રિતપણારૂપ વ્યવહારનો અભાવ છે. દર્શનના સ્વાશ્રિતભાવમાં પોતાના છએ કારકો સ્વતંત્ર છે, પરથી નિરપેક્ષ છે; રાગ તેનું સાધન નથી; શક્તિમાં જે ભર્યું છે તે રાગના અવલંબન વગર પોતાના જ અવલંબને પ્રગટે છે. એટલે ગુણની દશા પ્રગટ કરવા સ્વસન્મુખ થવાનું જ રહ્યું, પર સામે જોવાનું ન રહ્યું. શક્તિ તે ધ્રુવ ને તેના અવલંબને નિર્મળ પર્યાયનો ઉત્પાદ થયો.—આમ ત્રિકાળીપણું ને ક્ષણિકપણું બંને પોતાના ઉપાદાનમાં સમાય છે. ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને ધર્મો અનેકાંતમાં આવી જાય છે. આવું જૈનધર્મનું વસ્તુસ્વરૂપ છે. આવું વસ્તુસ્વરૂપ જાણે તેને જૈન કહેવાય. પોતાના ધર્મો કે પર્યાયો પરથી થવાનું જે માને તે જૈનધર્મના વસ્તુસ્વરૂપને જાણતો નથી.

અનંતધર્માત્મક વસ્તુ છે તે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. ધ્રુવરૂપ અનંત ગુણો એકસાથે અક્રમે છે ને દરેક ગુણમાં ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય ક્રમેક્રમે થાય છે. સ્વભાવનો આશ્રય થતાં આત્મામાં મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો ક્રમ વર્તે છે. આત્માની એકેક શક્તિ પોતાના દ્રવ્ય-ગુણ ને નિર્મળપર્યાય ત્રણેમાં વિસ્તરેલી છે પણ વિકારમાં તેનો વિસ્તાર નથી. આત્મશક્તિની અદ્‌ભુત વાત આ સમયસારમાં છે; ને તેમાંય આ ૪૭ આત્મશક્તિ વર્ણવીને તો આચાર્યદેવે કમાલ કરી છે. 'અહો, આવી મારી ચીજ! તેને મેં પૂર્વે ન ઓળખી' એમ જો આત્માનો સાચો પ્રેમ આવે તો તેની ઓળખાણ કર્યા વગર રહે નહિ. અનંત-કાળના જન્મ-મરણના દુઃખની ગાંઠ આત્માની સમજણ વગર તૂટે નહિ.

આત્માની દર્શનશક્તિની સ્વાશ્રિત પરિણતિમાં ચક્ષુદર્શન વગેરે ક્ષયોપશમભાવે છે ને કેવળદર્શન ક્ષાયિકભાવે છે; તેમાં ઉપશમભાવ નથી હોતો; ઉદયભાવનો પણ તેમાં અભાવ છે. તે કાળે સાધકને થોડોક ઉદયભાવ વર્તતો હોય તોપણ નિર્મળ ભાવમાં તેનો અભાવ છે. જેનો અભાવ છે તે સાધન કઈ રીતે થાય?

આ દર્શન-ઉપયોગનું સ્વરૂપ જરાક સૂક્ષ્મ છે. ભગવાનના દર્શન કર્યા તે કાંઈ દર્શન-ઉપયોગ નથી, તે તો જ્ઞાન છે; પણ તેના પહેલાં અંદર એક દર્શન-ઉપયોગ પરિણમે છે. છદ્મસ્થને જ્ઞાન-દર્શનમાં આવો ક્રમ હોય છે, સર્વજ્ઞને તો દર્શન-જ્ઞાન બંને સાથે હોય છે.

'ચક્ષુદર્શન' કહ્યું છતાં તે કાંઈ ચક્ષુવડે થતું નથી. આંખથી જોયું કે આ ભગવાન છે તે તો જ્ઞાન થઈ ગયું; ચક્ષુવડે થતું દર્શન તે ચક્ષુદર્શન એવો કાંઈ ચક્ષુદર્શનનો અર્થ નથી, પણ ચક્ષુના વિષયને જાણવા પહેલાં છદ્મસ્થનો જે ઉપયોગ તે ચક્ષુદર્શન છે. કોઈ કહે કે તમે શબ્દનો સીધો અર્થ કેમ નથી કરતા? ગળું મરડીને કેમ અર્થ કરો છો? તો ધવલાટીકામાં વીરસેનસ્વામી કહે છે કે પ્રકરણ અનુસાર તે જ સીધો અર્થ છે, અભિપ્રાય અનુસાર અર્થ કરવો તે જ સીધો અર્થ છે.

'આવા તીર્થંકરભગવાન છે, આવું સમવસરણ છે, હું સમવસરણમાં બેઠો છું ને પ્રભુની વાણી સાંભળું છું' એમ પૂર્વનો ભાસ થવો તે જ્ઞાન છે, સ્મૃતિનો એક પ્રકાર છે; તે કાંઈ દર્શન-ઉપયોગ નથી, દર્શન-ઉપયોગમાં આ પ્રકારની વિશેષતા નથી હોતી. દર્શન-ઉપયોગ કોઈ ભિન્ન કારકોની અપેક્ષા વગર સ્વસત્તાના અભિન્નકારકોથી પરિણમે છે. અહો, આવી સ્વસત્તા! એનો મહિમા કર, એને લક્ષમાં લે. એના આશ્રયે જ્ઞાનભાવ પ્રગટશે ને તે જ્ઞાનભાવની સાથે કેવળદર્શન પરિણતિ પણ ભેગી જ ઊછળશે. દૃશિશક્તિવાળા આત્માની દૃષ્ટિનું આ ફળ છે.

એ રીતે અહીં દૃશિશક્તિનું વર્ણન પૂરું થયું. *(ક્રમશઃ)*

---

(અનુસંધાન પેજ નં. ૧૫ થી ચાલુ)

હતો. વ્યાખ્યાનમાં આવે ત્યાં લોકોમાં ખળભળાટ થઈ જાય એવો એ સ્વચ્છંદથી વર્તે તેમ કુમતિ પણ સ્વચ્છંદી છે. વળી, કુમતિને ભાંડ એટલે બહુરૂપિયાની ઉપમા આપી છે. ભાંડ અનેક પ્રકારના વેષ ધારણ કરે છે તેમ કુમતિ ઘડીમાં રાગનો વેષ તો ઘડીમાં દ્વેષનો વેષ, ઘડીમાં વિષયવાસના વગેરેનો વેષ ધારણ કરીને ફરે છે. જાણે ભાંડની દીકરી જોઈલો.

घरको न जानै भेद....કુમતિને નિજઘર શું છે તેની તો ખબર નથી. करै पराधीन खेद । રાગ અને પુણ્યમાં પરાધીન થઈને ખેદ કરે છે. यातैं दुरबुद्धि दासी कुबजा कहाई है । માટે, આ દુર્બુદ્ધિને છોડી દેવી એમ કહેવાનો હેતુ છે.

(ક્રમશઃ)

## અધ્યાત્મઅતિશય ક્ષેત્ર સુવર્ણપુરીમાં

# શ્રી બાહુબલી મુનિરાજની ભવ્ય પ્રતિમાનો અભૂતપૂર્વ સ્વાગત સમારંભ

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ અધ્યાત્મઅતિશયક્ષેત્ર સુવર્ણપુરીમાં બિરાજમાન કરવામાં આવનાર શ્રી બાહુબલી મુનિરાજની ૪૧ ફૂટ ઉંચી ભવ્ય પ્રતિમાનું મંગલ આગમન સુવર્ણપુરીમાં તા. ૧૦-૬-૨૦૧૦ને ગુરુવારે થયું. શ્રી બાહુબલી મુનિરાજની આ ભવ્ય પ્રતિમાના સ્વાગત સમારંભનું આયોજન સુવર્ણપુરીમાં અત્યંત ઉત્સાહ તથા ભક્તિસહ કરવામાં આવ્યું.

મુનિરાજ શ્રી બાહુબલીની આ પ્રતિમા શ્રવણબેલગોલાની વિશ્વવિખ્યાત ૫૮ ફૂટ ઉંચી પ્રતિમાની આબેહૂબ પ્રતિકૃતિ સમાન ૪૧ ફૂટ ઉંચી તથા તેવા જ ગ્રેનાઈટ પથ્થરમાંથી તૈયાર કરવામાં આવેલ અદ્ભુત કલાકૃતિ છે. આ ભવ્ય પ્રતિમાનું મંગલ પ્રસ્થાન બેંગલોરના બિદડી ગામેથી તા. ૨૩-૫-૨૦૧૦ના રોજ થયું હતું. ત્યાંથી રસ્તામાં હુબલી, પૂના, સુરત, વડોદરા, સિહોર આદિ નગરોમાં ભગવાનનું ભવ્ય સ્વાગત ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રમાણે ભગવાન મંગલ વિહાર કરીને સુવર્ણપુરીમાં તા. ૧૦-૬-૨૦૧૦ના રોજ પધાર્યા.

સુવર્ણપુરીના ટ્રસ્ટીગણ, મુમુક્ષુસમાજ તથા સોનગઢના સર્વે ગ્રામજનોને પણ ભગવાનના દર્શન તથા સ્વાગત કરવાનો અત્યંત ભક્તિ-ઉત્સાહ વર્તતો હતો. મુમુક્ષુઓનાં ઘર તથા ભગવાનના આગમનનો રસ્તો, ભગવાનના સ્વાગત માટે લગાડેલા કમાનો, રંગબેરંગી પોસ્ટરો તથા રંગોલીથી શોભી ઉઠ્યો હતો. સુવર્ણપુરીમાં તા. ૭-૬-૧૦ થી ૯-૬-૧૦ સુધી પરમાગમ મંદિરમાં શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન પૂજા તથા રાત્રે સાંજી ભક્તિનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સકલ મુમુક્ષુસમાજ પૂજન-ભક્તિના આ કાર્યક્રમમાં ઉત્સાહથી લાભ લેતો હતો. ભગવાનના સ્વાગત માટે સોનગઢના જૈન વિદ્યાર્થી ગૃહમાં એક વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો જે બવ્ય બેનરોથી તથા રંગબેરંગી વસ્ત્રોથી શણગારવામાં આવ્યો હતો. તા. ૧૦-૬-૨૦૧૦ના રોજ સવારે ૭-૩૦ વાગે સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો તથા ગ્રામજનો ભગવાનના સ્વાગત માટે ગામની બહાર મુખ્ય માર્ગ પર આવી ગયા હતા. જેવું ભગવાનનું આગમન થયું, તેમનાં દર્શન થયાં, તો સર્વના અંતર ભક્તિથી ઉછળી ગયાં. શ્રી બાહુબલી ભગવાન તથા સુવર્ણપુરી તીર્થધામના જયનાદોથી સુવર્ણપુરીનું આકાશ ગુંજી ઉઠ્યું. મુમુક્ષુ બહેનો મંગળ કળશો લઈને તથા અન્ય ભક્તો બેંડવાજા તથા ગજરાજ સાથે ધ્વજા-પતાકાઓ તથા બેનર્સ લઈને સ્વાગત કરવા ઉમટી પડ્યા હતા. રસ્તામાં મીની હેલિકોપ્ટરથી ભગવાન પર પુષ્પવૃષ્ટિ પણ કરવામાં આવી હતી.

ભગવાનને ભક્તિ કરતાં-કરતાં ભવ્ય ઝુલુસરૂપે જૈનવિદ્યાર્થીગૃહના મંડપમાં લાવવામાં આવ્યા. ત્યાં પવિત્ર મંત્રોચ્ચાર તથા ભક્તિ સાથે મંગલ પ્રવેશદ્વાર ખોલી સ્વાગત કરવામાં આવ્યું. તે પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તથા જિનેન્દ્ર પૂજનનો મંગલ કાર્યક્રમ થયો.

ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનોમાં ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓએ સ્વાગત પ્રવચન કરી શ્રી બાહુબલી પ્રતિમાના નિર્માણનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો તથા પ્રતિમાના નિર્માણમાં અત્યંત ભક્તિભાવથી સહયોગ આપનાર કાર્યકર્તાઓનો સર્વેને પરિચય આપવામાં આવ્યો. તે પછી અત્યંત ભક્તિ સાથે ભગવાનના વધામણાંનો ઉલ્લાસપૂર્ણ કાર્યક્રમ રાખવામાં આવ્યો જેનો સર્વેએ લાભ પ્રાપ્ત કર્યો. કાર્યક્રમ સમયસર તથા ખૂબ જ ભવ્ય થયો. કાર્યક્રમનો અહેવાલ આપવા માટે સમાચારપત્રો તથા ટીવી ચેનલોના પ્રતિનિધિઓ આવ્યા હતા તથા અન્ય પ્રમુખ વ્યક્તિઓ પણ પધાર્યા હતા.

સમગ્ર સ્વાગત કાર્યક્રમના સૌજન્યનો લાભ શ્રી મધુરભાઈ મહેતા, હ. પ્રવીણાબેન તથા બ્ર. કોકીલાબેનને પ્રાપ્ત થયો હતો. ભગવાનના સારથી બનવાનો લાભ શ્રીમતી ધીરજબેન બાબુલાલ શાહ પરિવાર હ. અનિલભાઈ તથા જિનેન્દ્રભાઈને તથા ભગવાનના રથ (ટ્રેલર)માં બેસવાનો લાભ શ્રી રસિકભાઈ અમરચંદ ડગલી પરિવાર તથા શ્રી ગુણવંતરાય ભાયાણીને પ્રાપ્ત થયો હતો. મંડપમાં ભગવાનના સ્વાગત તથા પ્રથમ વધામણાંનો લાભ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવાર હ. ભરતભાઈને પ્રાપ્ત થયો હતો તથા ધર્મધ્વજ લઈને હાથી પર બેસી સ્વાગત કરવાનો લાભ શ્રી ચંદુલાલ ત્રિભોવનદાસ ઘડીયાળી પરિવાર, મોરબીને મળ્યો હતો. શ્રી બાહુબલી ભગવાન તથા સુવર્ણપુરી તીર્થધામના વિષય ઉપર આસ્થા ચેનલ ઉપર દેખાડવામાં આવનારી દસ્તાવેજી ફિલ્મના સૌજન્યનો લાભ શ્રી કાંતિલાલ અમીચંદ કામદાર પરિવારને પ્રાપ્ત થયો છે.

આ સમગ્ર સ્વાગતવિધાનની શાસ્ત્રોક્ત વિધિ બ્ર. શ્રી વજુભાઈના માર્ગદર્શનમાં શ્રી રમેશભાઈ મહેતા તથા શ્રી સુભાષભાઈ શેઠે કરાવી હતી. અંતમાં સર્વ માટે સ્વામિવાત્સલ્ય ભોજન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો લાભ લેવા બહારગામથી ૨૦૦૦ મુમુક્ષુઓ પધાર્યા હતા તથા ૨૦૦૦થી વધુ સોનગઢના ગ્રામજનો સામેલ થયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓએ સુંદર આયોજન કર્યું હતું.

---

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૭મી જન્મજયંતી (તા. ૨૨-૮-૨૦૧૦ થી તા. ૨૯-૮-૨૦૧૦)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૧૪-૮-૨૦૧૦, શનિવારથી તા. ૨-૯-૨૦૧૦, ગુરુવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ)

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૮, રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ થી અષાઢ સુદ ૧૫, રવિવાર તા. ૨૫-૭-૨૦૧૦—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવશે.

**વીરશાસન જયંતી :**—અષાઢ વદ ૧ તા. ૨૬-૭-૨૦૧૦ સોમવાર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે. આ પર્વ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર કલશ ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)

---

## વૈરાગ્ય સમાચાર :

ગાંધી અરૂણાબેન સુમતિલાલ તા. ૧૭-૫-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ—બોરીવલી) શ્રી ચંદુલાલ મોહનલાલ ટોળિયા (વર્ષ—૮૨) તા. ૨૩-૫-૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી શ્રી મંજુબેન પ્રેમચંદભાઈ શાહ (—તે ટ્રસ્ટી શ્રી જિતુભાઈ શાહના બેન) (વર્ષ—૭૪) તા. ૨૮-૫-૧૦ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૨૬ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાન ઉપરાંત તેમના ફૈબા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સેવા-ભક્તિનો ઘણો લાભ લીધો હતો.

ચોટીલાનિવાસી (હાલ દાદર-મુંબઈ) શ્રી પંકજકુમાર ત્રંબકલાલ પારેખ (—તે સ્વ. રમણીકભાઈ શીવલાલ દોશીના જમાઈ) (વર્ષ—૬૨) તા. ૩-૬-૧૦ના રોજ અચાનક હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દાદર મુમુક્ષુ મંડળના ટ્રસ્ટી હતા.

વઢવાણનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) સ્વ. સૂર્યકાંત કેશવલાલ શાહ (—તે વઢવાણ ભજનમંડળીના ગાયક શ્રી નિતિનભાઈના પિતાશ્રી) તા. ૩-૬-૧૦ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી સુશીલાબેન કાંતિલાલ મહેતા (વર્ષ—૮૧) તા. ૧૧-૬-૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અખિલ ભારતીય દિગમ્બર જૈન હિન્દી-ભાષી મુમુક્ષુવૃંદ દ્વારા

**અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી**

**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની**

# ૯૭મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓની ૯૭મી જન્મજયંતી આ વર્ષે અખિલ ભારતીય દિગંબર જૈન હિન્દીભાષી મુમુક્ષુવૃંદ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૭મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૨૨-૮-૨૦૧૦, રવિવાર થી તા. ૨૬-૮-૨૦૧૦, ગુરુવાર—પાંચ દિવસ સુધી શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડલ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૧૪-૮-૨૦૧૦થી તા. ૨-૯-૨૦૧૦—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૮-૨૦૧૦ રવિવારના દિવસે રાખવામાં આવેલ છે.

**નિમંત્રક :** અ.ભા. દિ. જૈન
હિન્દી ભાષી મુમુક્ષુ સમાજના
જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ પરની મમતાના ભાવ પણ હજુ જેને પડ્યા છે અને નિર્વિકલ્પ થવા જાય ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. હજી તો નીતિ આદિના પરિણામ પણ નથી અને નિર્વિકલ્પ થવા જાય તો ઈ નિર્વિકલ્પ નહીં થઈ શકે. આ વાત મોક્ષમાર્ગ-પ્રકાશકમાં પણ કહી છે. લૌકિક પ્રમાણિકતાના પણ જેને ઠેકાણા ન હોય અને એને ધર્મ થઈ જાય ઈ ત્રણકાળમાં ન બને. અનીતિથી જેને એક પાઈ પણ લેવાના ભાવ છે તેને અનુકૂળતા હોય તો આખી દુનિયાનું રાજ પચાવવાના ભાવ છે.

❀ એક દીવાન રાજના કામ માટે રાતના રાજની મીણબત્તી બાળી કામ કરતો હતો અને જ્યાં પોતાનું કામ કરવાનો વારો આવે ત્યાં તે રાજની મીણબત્તી ઠારી પોતાના ઘરની મીણબત્તી કરે, પોતાના ઘરના કામ માટે રાજની મીણબત્તી ન વાપરે. (આવું તો પહેલાં નીતિમય જીવન હોય.) ૫૨૫.

❀ શ્રોતા :—વાણીના કર્તા નથી તો મુનિઓ ઉપદેશ કેમ આપે છે?

પૂજ્ય ગુરુદેવ :—મુનિઓ ઉપદેશ દેતાં જ નથી. મુનિઓ ઉપદેશને જાણે છે. ભગવાન કહે છે, જિનવર કહે છે એમ શાસ્ત્રોમાં કથનો આવે પણ ભગવાન કહેતાં જ નથી. ભગવાન વાણીને જાણે જ છે. ખરેખર તો સ્વને જ જાણે છે. સ્વપર જાણવું સહજ છે. પરની અપેક્ષા જ નથી. જાણવાનો સ્વભાવ જ છે. ભગવાન કુંદકુંદાચાર્ય કહે કે હું મારા નિજ વૈભવથી કહીશ તમે પ્રમાણ કરજો. અરે ભગવાન! વાણી તમારી નથી ને? વાણીથી જ્ઞાન થતું નથી ને? આહાહા! ગજબ વાત છે! અદ્‌ભુત વાત છે! વસ્તુનું સ્વરૂપ જ અદ્‌ભુત છે! નિમિત્ત-નૈમિત્તિકના આવા કથનો પણ એક સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય ન હોય. ૫૨૬.

❀ તારી સમીપમાં પડ્યો (એવો તારો આત્મા) તેની ભાવના કરને! દૂર પડ્યાની ભાવના શું કરે છે? ૫૨૭

**સુધારો**

**શ્રાવણ માસના ધાર્મિક શિક્ષણવર્ગ અંગે**

**શ્રાવણ માસનો ધાર્મિક શિક્ષણવર્ગ તા. ૧૯-૮-૨૦૧૦ ગુરુવારથી તા. ૭-૯-૨૦૧૦ મંગળવાર સુધી વીસ દિવસનો રાખેલ છે.**

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૦
અંક-૧૧ * વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

* ગૂંગાપન, બુદ્ધિકી વિકલતા, મૂર્ખતા, અજ્ઞાનતા, બધિરતા તથા મુખમેં રોગ હોના ઈત્યાદિ જો સબહી જીવોંકે હોતે હૈં વે અસત્ય વચન બોલનેકે પાપહી સે હોતે હૈં.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, શ્લોક-૩૪)*

* હે મૂઢ પ્રાણી! અનેક પ્રકારની અસત્ય કળા, ચતુરાઈ, શ્રૃંગાર આદિ ખોટી વિદ્યાઓના કૌતૂહલથી પોતાના આત્માને ઠગ નહિ પણ તારે કરવા યોગ્ય જે કંઈ હિતકર કાર્ય છે તેને કર. જગતની આ સમસ્ત કળાઓનું જ્ઞાન વિનાશીક છે. શું તું આ વાત નથી જાણતો?

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૩)*

* પોતાની ઉપર કોઈ આપત્તિ આવી પડતાં મનુષ્ય જેવી રીતે દુઃખી થાય છે તેવી જ રીતે બીજાની ઉપર આવી પડેલી આપત્તિને પોતાની આપત્તિ સમજીને દુઃખનો અનુભવ કરવો તે દયાળુતા છે.

*(શ્રી વાદીભસિંહસૂરિ, ક્ષત્રચૂડામણિ, સર્ગ-૪, શ્લોક-૬)*

* આ સંસારમાં સુખ તો બે દિવસનું છે, પછી તો દુઃખોની પરિપાટી છે; તેથી હે હૃદય! હું તને શિખામણ આપું છું કે તારા ચિત્તને તું વાડ કર અર્થાત્ મર્યાદામાં રાખ ને સાચા માર્ગમાં જોડ.

*(મુનિવર રા[illegible], ગાથા-૧૦૬)*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org